**આંક–૫.**

**શ્રી એસ.ડબલ્યુ.વાઘ, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત.**

**રેફરન્સ(ટી) નં. ૭૪/૨૦૧૭**

**પ્રથમ પક્ષકાર :** શ્રીચંદ નિશાદ–કલર કામના કોન્ટ્રાકટર,
ઠે. પ્લોટ નં. ૫૦૪,જલારામનગર(જમશેદ નગર)એલ.ડી.
હાઈસ્કૂલની પાછળ,સચિનગામ, સુરત.

**વિરૂદ્ધ**

**બીજા પક્ષકાર :** શ્રી કુલદિપ(બજરંગી)મહેશનારાયણ,
ઠે.પ્લોટ નં. ૫૫૨, જલારામનગર(જમશેદ નગર)
સચિનગામ, સુરત.

**પ્રતિનિધિત્વ :** પ્રથમ પક્ષકાર તરફે ....કોઈ હાજર નથી.
બીજા પક્ષકાર તરફે .... કોઈ હાજર નથી.

## એવોર્ડ

હાલનો રેફરન્સ મદદનીશ શ્રમ આયુકત, સુરતનાઓએ તેમની કચેરીનાં તા.૧૯/૦૬/૨૦૧૭નાં હુકમ નં.કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/ ૧૨૦/૨૦૧૬ થી ધી આઈ. ડી. એકટ ૧૯૪૭ ની કલમ–૧૦(૧) ની જોગવાઈ અન્વયે ઉપસ્થિત કરી અનુસુચિમાં જણાવ્યા મુજબની ઔદ્યોગિક તકરારનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરવા સારું અત્રે સુપ્રત કરેલ છે.

## અનુસૂચિ

કામદાર શ્રી કુલદિપ(બજરંગી)મહેશનારાયણને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

૨. સદર રેફરન્સ કોર્ટને હવાલે આવ્યા બાદ બીજા પક્ષકારને તેમનું માંગણાનું નિવેદન રજુ કરવાની ધોરણસરની નોટીસ બજાવવામાં આવેલ,જે બજી ગયેલ હોવા છતાં બીજા પક્ષકારે તેઓનું માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. સદર કામે બીજા પક્ષકારનો પોકાર પાડતા કોઈ હાજર નથી.સદર કામ દાખલ થયું ત્યારથી પ્રથમ પક્ષકારને બીજા પક્ષકાર તરફે નોટીસની બજવણી પર છે પરંતુ બીજા પક્ષકારે અત્યાર સુધી પ્રથમ પક્ષકારને નોટીસ બજાવવા પૂર્ણ કાર્યવાહી કરેલ ન હોય, બીજા પક્ષકારનો નોટીસ બજાવવાનો હકક આંક–૧ પર હુકમ કરી બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ બીજા પક્ષકાર અદાલત સમક્ષ હાજર રહેતા ન હોય અને માંગણાનું નિવેદન પણ રજુ કરતા ન હોય,બંન્ને પક્ષકાોનો પોકાર પાડતા કોઈ હાજર થયેલ ન હોય, બંન્ને પક્ષકારોનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ દલીલ પર રાખવામાં આવતાં બંન્ને પક્ષકારો તરફે હાજર રહેતા ન હોય અને દલીલ રજુ કરતા ન હોય બંન્ને પક્ષકારોનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. આથી સદર કામનો નિર્ણય ગુણદોષ પર કરવામાં આવેલ છે.

૩. આમ બીજા પક્ષકાર કેસની સુનાવણીના તબકકાઓમાં હાજર રહેલ નથી. બીજા પક્ષકારને તેમનું માંગણાનું નિવેદન રજુ કરવાની પૂરતી તકો આપવા છતાં બીજા પક્ષકાર તરફે તેમના માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. તેથી સદર રેફરન્સ બીજા પક્ષકારના માંગણાના નિવેદનના અભાવે રદ થવાને પાત્ર છે. તેમજ બીજા પક્ષકારે મદદનીશ આયુકતશ્રી, સુરત સમક્ષ તેઓની ફરીયાદમાં તેઓને પ્રથમ પક્ષકારે તા.૩૧/૧૨/૧૬

ના રોજ નોકરીમાંથી છુટા કર્યાનું જણાવેલ છે.પરંતુ મજકુર હકિકતો બીજા પક્ષકારે માંગણાનું નિવેદન રજુ કરી કે તેના સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરવું જોઈએ,પરંતુ બીજા પક્ષકારે તેમ કરેલ નથી. આ ઉપરાંત અદાલતમાં સુનાવણીના તબકકાઓમાં પણ બીજા પક્ષકાર સતત ગેરહાજર રહેલ છે.આમ,કેસની હકિકત જોતાં બીજા પક્ષકાર તેઓની ફરીયાદમાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર થતા નથી.બીજા પક્ષકારનો રેફરન્સ માંગણાનું નિવેદન તથા પુરાવાના અભાવે નામંજુર થવાને પાત્ર હોય આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. બીજા પક્ષકારનો રેફરન્સ નામંજુર કરવામાં આવે છે.

૨. રેફરન્સના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સુરત.
તા. ૨૫/૦૩/૨૦૨૧

**(સુનિલ વામન વાઘ)**
પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત.
U.I.C.NO.GJ01258